# ગાંધીનગર જિલ્લા પંચાયતની ૧૪મીએ બજેટ બેઠક યોજાશે

## બજેટ બેઠકને ખાસ બેઠક તરીકે બોલાવી પક્ષની જૂથબંધીને સંતાડવાનો અને વિપક્ષના આક્રમણને ખાળવાની રાજનીતિ, સ્વભંડોળની આવકમાં નોંધપાત્ર ઘટાડો પણ સત્તાધીશોની પરીક્ષા સમાન

ગાંધીનગર જિલ્લા પંચાયતની બજેટ બેઠક ૧૪મી માર્ચના રોજ યોજાશે. જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલના અધ્યક્ષપદે આ બેઠક સરદાર હોલમાં યોજાશે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની આ બજેટ બેઠક મહત્વની રહેશે. જિલ્લાની હદમાં થયેલા ઘટાડા પછી આમ તો બીજુ બજેટ છે પણ આવક ઘટાડાની અસરો આ બજેટમાં જોવા મળશે એટલુ જ નહિ સ્વભંડોળની આવકમાં નોંધપાત્ર ઘટાડો થશે અને તેની અસરો સભ્યોને ફાળવવામાં આવતી વિસ્તાર વિકાસ ગ્રાન્ટ પર જોવા મળી શકે છે.

જિલ્લા પંચાયતની આવકના સાધનો ઉભા કરવા માટે ધ્યાન આપવામાં નહિ આવે તો આગામી દિવસોમાં સ્વભંડોળની હાલત કફોડી બનશે. ખર્ચ પર નિયંત્રણની પણ તાતી જરૂરિયાત છે. બીજુ જિલ્લા પંચાયતનું નવુ મકાન બનાવવાનું હોવાથી સ્વભંડોળ પર ભારણ વધશે. ગાંધીનગર જિલ્લા પંચાયતના નવા સંકુલને લઈ વહીવટીય પાંખ અને ચૂંટાયેલી પાંખ વચ્ચે ઠંડો વિવાદ ચાલી રહ્યો છે તે પણ જગ જાહેર છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લા પંચાયતની બજેટ બેઠકની ખાસ બેઠક યોજવામાં આવી છે જેથી વિપક્ષને પણ સત્તાધારી પક્ષને ભીંસમાં લેવાની કોઈ તક મળે નહિ અને તંત્ર અને ચૂંટાયેલી પાંખ વચ્ચેના સંકલનનો અભાવ ઉજાગર થાય નહિ તેની તકેદારી રાજકીય ગણતરીઓ સાથે રાખવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની બજેટ બેઠકને આખરી ઓપ આપવાની કવાયત તેજ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત સરકારમાંથી વધુ ને વધુ ગ્રાન્ટ કયા કયા ક્ષેત્રમાં મળી શકે તેમ છે તેને લઈ પણ બેઠકોમાં ચર્ચા કરવામાં આવી છે. જિલ્લા પંચાયતની બજેટ બેઠક અંગે વિપક્ષ પણ અલગથી તેની રણનીતિ તૈયાર કરશે તેવા સંકેત મળી રહ્યા છે. જિલ્લા પંચાયતના સત્તાધારી પક્ષમાં ચાલી રહેલી જૂથબંધીના પડઘા આ બેઠકમાં કૌઈ પડઘા પડે નહિ તે માટે સંગઠનના નેતાઓની હાજરીમાં એકાદ બેઠક સત્તાધારી પક્ષની પણ યોજવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લા પંચાયતનું વર્ષ-૨૦૨૨-૨૩ના બજેટનું કદ આવક ઘટતાં ઘટવાની સંભાવના છે. રેતી-કાંકરીની ગ્રાન્ટ, સ્ટેમ્પ ડ્યુટીની આવકમાં જોરદાર ઘટાડો જોવા મળશે. મહેસુલી આવકમાં પણ નબળી વસુલાતના પડઘા જોવા મળશે તેમ જાણકારોનું કહેવુ છે.



પીળાં ચટ્ટાક ફૂલોથી સજેલુ શહેર ખુબ જ મોહક લાગી રહ્યું છે. શહેરમાં આજકાલ ઠેર ઠેર પીળાં ફૂલો જોવા મળી રહ્યા છે. આ ફૂલો નગરના માર્ગોને એક અલગ જ આભા આપી રહ્યા છે. ઉનાળો શરૂ થાય તે પહેલા આખુ નગર જાણે ફૂલોની નગરી બની ગયુ હોય તેવુ લાગી રહ્યુ છે. રવિવારની સવારે કે નિરાંતની પળોમાં જો શહેરના માર્ગો પર એક વોક લઈએ તો અલગ અલગ પ્રકારના વૃક્ષો પર લચી પડેલા વિવિધ રંગી ફૂલો મનને મોહી લે છે.

# છાશનું વેચાણ ઉનાળાના આરંભે જ એકાદ લાખ લીટર દૈનિક નોંધાયુ

## અમૂલે બે રૂ.નો વધારો કરતાં લોકોને મોંઘવારીની સમસ્યા સતાવી રહી છે : મધુર છાશનું વેચાણ ૬૫ થી ૭૦ હજાર લીટર દૈનિક છે

ગાંધીનગર,તા. ૬

ઉનાળાની ગરમીમાં અમૃત ગણાતા છાશની કિંમતમાં અમૂલે વધારો કરતાં મધ્યમવર્ગની મુશ્કેલીમાં વધારો થયો છે.

છાશની હાલ ગાંધીનગરમાં ડિમાન્ડ વધી રહી છે. એક અંદાજ મુજબ આજે ઉનાળાના આરંભે જ છાશનું એકાદ લાખ લીટર દૈનિક વેચાણ થાય છે.

મધુર ડેરીએ તેની છાશની કિંમતમાં હાલ વધારો કર્યો નથી. મધુર છાશનું ૬૦ થી ૭૦ હજાર લીટર વેચાણ દૈનિક થઈ રહ્યુ છે. જ્યારે અમૂલ છાશનું વિતરણ ૩૦ થી ૩૫ હજાર લીટર જેટલુ છે.

ઉનાળાની આકરી ગરમીનો મિજાજ હજુ બહુ જોવા મળ્યો નથી પણ જે રીતે ગરમીની સિઝનનો પ્રારંભ થયો છે અને ૩૫ થી ૩૬ ડિગ્રીએ તાપમાન પહોંચ્યુ છે તેથી આગામી દિવસોમાં આ મારો વધશે અને છાશની ડિમાન્ડમાં વધારો થશે.

ગાંધીનગરમાં શહેરીજનો મોંઘવારીનો માર જે રીતે સહન કરી રહ્યા છે તેને લઈ હવે કરકસરની નીતિ એ પરિવારોની શ્રેષ્ઠ નીતિ બની ઉભરી રહી છે. બજારોમાં ઘરાકી ઘટી રહી છે તેમજ રોજીંદા ચર્ચાઓમાં પણ શહેરીજનો કાપ મુકી રહ્યા છે.

# કોંગ્રેસ મહિલા સેવાદળ દ્વારા ગાંધીનગરમાં મહિલા સંમેલન યોજાશે

ગાંધીનગર, તા. ૬

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા વિશ્વ મહિલા દિવસની ઉજવણી નિમિત્તે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી સે. ૬ ખાતે મહિલા સંમેલનનું આયોજન કર્યુ છે.

૮મી માર્ચના રોજ ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે પ્રદેશ કોંગ્રેસ પ્રભારી રઘુ શર્માની ઉપસ્થિતિમાં મળનાર આ સંમેલનમાં મહિલા સેવાદળ પાંખની બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેનાર છે. આ સંમેલનમાં પ્રદેશ આગેવાનો પણ ઉપસ્થિત રહેનાર છે.

સવારે ૧૦ વાગ્યે આ સંમેલનનું આયોજન કરવામાં આવ્યુ છે. સંમેલનના આયોજનને લઈ તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. આ સંમેલનમાં પંચાયતોમાં ચૂંટાયેલ મહિલા સભ્યોને પણ સન્માનિત કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

# શહેર-જિલ્લામાં કોરોનાના ૩ કેસ : તમામ મહિલા દર્દી : એકને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના આજે વધુ ૩ કેસ નોંધાયા છે. ગાંધીનગર શહેરમાં એક અને ગ્રામ્ય વિસ્તારમાં બે કેસ નોંધાયા છે.

શહેર-જિલ્લામાં કોરોના સંક્રમણની સ્થિતિ નિયંત્રણમાં આવ્યા પછી પણ છુટાછવાયા કેસો મળી રહ્યા છે તેથી તંત્રની ચિંતામાં ઘટાડો થયો છે. શહેર જિલ્લામાં કોરોનાની ત્રીજી લ્હેર હવે ઝડપથી અંત પામશે તેમ તંત્રના સૂત્રોનું કહેવુ છે.

ગાંધીનગર શહેરના સે. ૧૪માં એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં આજે વધુ ૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે નોંધાયેલ એક કેસ સાથે ૧૫ દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં આજે બે કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા બન્ને કેસ મહિલા દર્દીના છે. અડાલજમાં એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ચંદ્રાલા ગામે એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા બે કેસ સહિત ૧૮ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

શહેર-જિલ્લામાં આજે નોંધાયેલા ત્રણેય કેસ મહિલા દર્દીના છે જે પૈકી એક મહિલાને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેર-જિલ્લામાં કોરોનાના એક્ટીવ કેસની સંખ્યા ૪૦ થી નીચે જતાં તંત્રએ થોડીક રાહત જરૂર અનુભવી છે. મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક થાય તે જોવા તાકીદ કરી છે.

# પંચાયત મહાસભા મારૂ ગામ મારૂ ગુજરાતને લઈ તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ આરંભાઈ

ગાંધીનગર, તા. ૬

આગામી ૧૧મીએ અમદાવાદ જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે ''પંચાયત મહાસભા મારૂ ગામ મારૂ ગુજરાત'' કાર્યક્રમના આયોજનને લઈ તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. આ માટે જિલ્લા અને તાલુકાકક્ષાએ ખાસ કંટ્રોલ રૂમ ઉભા કરવામાં આવશે અને તે ૮મીથી કાર્યરત થઈ જશે. ૨૪૮૭ આ કંટ્રોલરૂમ કાર્યરત રહેશે.

પંચાયતોના ચૂંટાયેલા સભ્યોને લાવવા અને પરત જવા માટે વાહન સુવિધાઓ સહિતની જવાબદારીને લઈ પણ અધિકારીઓને જવાબદારી આપવામાં આવી છે. ૩૨ થી વધુ સૂચનાઓ સાથે માર્ગદર્શન આપતો પરિપત્ર પણ વિકાસ કમિશનર દ્વારા જારી કરવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં મળનાર આ મહાસભાનું ઈ.ગ્રામથી ખાસ લાઈવ પ્રસારણ કરવા અંગેની પણ તૈયારીઓ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

૧૧મીએ યોજાનાર આ મહાસભાને લઈ તડામાર તૈયારીઓના ભાગરૂપે અધિકારીઓની બેઠકો પણ સતત યોજાઈ રહી છે. જિલ્લાઓ માટે અને તાલુકાઓ માટે લાયઝન અધિકારીઓની પણ નિયુક્તી કરી દેવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

# પીએસઆઈની પરીક્ષામાં પેપર ફૂટ્યાનો આક્ષેપ

ગુજરાતમાં વધુ એક સરકારી નોકરી માટેની પરીક્ષા વિવાદમાં આવી છે. ગુજરાતમાં સરકારી ભરતીમાં પરીક્ષાના પેપર ફૂટવાનો સિલસિલો યથાવત છે. ત્યારે અમદાવાદમાં લેવાયેલી પીએસઆઈની પરીક્ષાનું પેપર ફૂટવાની વાત સામે આવી છે. લાંભાની ગીતા હાઈસ્કૂલમાં પેપર ફૂટ્યું હોવાનો આક્ષેપ ઉઠ્યો છે. પેપર, 'સ્ઈ સીટ અને કોલ લેટર લઈ લેવાતા વિવાદ થયો છે અને પરીક્ષા સેન્ટરથી કોલ લેટર પરત ન મળતા હોબાળો થયો છે.

લાંભાની ગીતા હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓ પાસેથી કોલ લેટર લઈ લેવામાં આવ્યા હતા, જેને કારણે પરીક્ષા આપવા આવેલા વિદ્યાર્થીઓ રોષે ભરાયા હતા અને ભારે વિરોધ દર્શાવ્યો હતો. વિદ્યાર્થીઓએ આક્ષેપ કર્યો કે, કેટલાક વિદ્યાર્થીઓએ પીએસઆઈમાં જવાબ બાકી છોડ્યા હતા.



સેક્ટર-૭ મહિલા કોલેજની સામે પાણીની પાઈપલાઈન છેલ્લા કેટલાક સમયથી લીકેજ છે. જેના કારણે રસ્તા પર પાણીનો ખુબ બગાડ થઈ રહ્યો છે. અહીં સતત પાણી વહેતા ગંદકી અને મચ્છરોનો ઉપદ્રવ ફેલાઈ રહ્યો છે.

# ગ માર્ગ પર સ્થિત આર.ટી.ઓ. કચેરી પાસે માર્ગ વચાળે વાહનોનો ખડકલો થતા સ્થાનિકોમાં આક્રોશ

## નગરના જાહેર સ્થળો, સરકારી કચેરીઓ અને કોર્મશિયલ કોમ્પલેક્ષ પાસે સ્માર્ટ પાર્કીંગ વ્યવસ્થાના લીધે રોજબરોજ વાહનચાલકો મુંઝવણમા મુકાય છે : આર ટી ઓ કચેરીના આંગણે જ આડેધડ વાહનોનો ખડકલો થતા રહેણાંક વિસ્તારને અડીને સ્થિત આ વિસ્તારમાં માર્ગ સલામતી સામે રોજ નવા પ્રશ્નો ઉભા થાય છે

ગાંધીનગર તા ૬

શહેરમાં વિકાસ કામો પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે. પરંતુ કરોડોના ખર્ચે નિર્માણ થતા બિલ્ડીંગો પાસે આનુસંગિક વ્યવસ્થાના અભાવે એકની સાથે બીજી સમસ્યા પણ ઉભી થાય છે. શહેરમાં છેલ્લા એક દાયકાથી પાર્કીંગની સમસ્યા વધુ વિકરાળ બની છે. જેના લીધે ટ્રાફિક જામના દ્રશ્યો સાથે માર્ગ સલામતી પણ જોખમાઈ છે. શહેરમાં સ્થિત વિવિધ સરકારી કચેરીઓ , કોર્મશિયલ કોમ્પલેક્ષ સહીત શાકમાર્કેટ અને મુખ્ય શોપિંગ સેન્ટર જેવા જાહેર સ્થળોએ રોજબરોજ આડેધડ વાહનોનો ખડકલો થાય છે મુલાકાતીઓ માટે આજા ફસાજા જેવી સ્થિતિ સર્જાય છે. નગરના ગ માર્ગ પર સ્થિત આર ટી ઓ કચેરી પણ ટ્રાફિક નિયમનની વાતો વચ્ચે આ સમસ્યાથી ઘેરાયેલી છે. ગ માર્ગ પર રોજબરોજ વાહનો ખડકાતા સ્થાનિક રહીશો પણ તોબા પોકારી ગયા છે.

શહેરમાં એકબાજુ સ્માર્ટ સીટીના પ્રોજેકટને અનુલક્ષી પાર્કીગ વ્યવસ્થા યોગ્ય થાય તે માટે તબક્કવાર પાર્કીંગની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જો કે નવા ગાંધીનગરમાં પણ પાર્કીંગની સળગતી સમસ્યા આમ નાગરિકો માટે મોટો શિરદર્દ બની છે. જયારે શહેરમાં પણ કોર્મશિયલ વિસ્તાર સહીત જાહેર સ્થળો અને સરકારી કચેરીઓમાં પણ પાર્કીંગના મામલે ભારોભાર અવ્યવસ્થા જોવા મળે છે. શહેરના સહયોગ સંકુલમાં પણ પાર્કીંગ મામલે આજા ફસાજાના દ્રશ્યો જોવા મળે છે. કોર્ટ બિલ્ડીંગ પાસે પણ પાર્કીંગનો પ્રશ્ન પેચીદો બન્યો છે. પીક અવર્સમાં આ વિસ્તારમં ચક્કાજામના દ્રશ્યો જોવા મળે છે. શહેરના સે-૧૬ અને સે-૧૧ તેમજ ઘ માર્ગ પર સ્થિત ઉદ્યોગ ભવન સહીતની કચેરીઓમાં પાર્કીગની સમસ્યાથી મુલાકાતીઓ અને કર્મચારીઓ ત્રાહીમામ પોકારી ગયા છે. નગરના ગ માર્ગ પર સ્થિત આર ટી ઓ કચેરી પણ આ મામલે નં -૧ સ્થિતિમાં છે. ટ્રાફિકના નિયમનોનુ યોગ્ય પાલન થાય અને માર્ગ સલામતી જળવાય તે માટે વાહનચાલકો પાસેથી દંડ વસુલી કરવા માટે ઉત્સુકતા દાખવતા આર ટી ઓ તંત્રની કચેરી પાસે જ વાહનોનો આડેધડ ખડકલો થાય છે. આર ટી ઓ કચેરીના સાંકડા સંકુલમાં પાર્કીંગની વ્યવસ્થા નથી અલબત્ત પુરતી જગ્યાના અભાવે મુખ્ય ગ માર્ગની આસપાસ વાહનો પાર્ક થાય છે. જેમાં મોટાભાગના વાહનો માર્ગ વચાળે જ ગોઠવાઈ જતા રાહદારીઓની માર્ગ સલામતી પણ જોખમાઈ છે. રહેણાંક વિસ્તારને અડીને સ્થિત આર ટી ઓ કચેરી નજીક અનેકવિધ દબાણોએ પણ ભરડો લીધો છે જેના લીધે આસપાસના રહીશો પણ તોબા પોકારી ગયા છે. ગ માર્ગને સિક્સલેન બનાવાની કામગીરી હજુ પુર્ણ થઈ નથી ત્યારે ગ માર્ગ પર ડાયવર્ઝન અને સાઈડમાં ખોદાયેલા માર્ગના લીધે આમ પણ વાહનોની અવરવજર જોખમી બની છે. આવા સંજોગોમાં ગ માર્ગ પર પ્રવેશતા જ નજીકમાં સ્થિત આર ટી ઓ કચેરીના લીધે પાર્કીંગનો પ્રશ્ન વધુ પેચીદો બનતો જાય છે. આ મામલે આર ટી ઓ કચેરી કક્ષાએથી જગ્યાની ફાળવણી કરવા માટે અગાઉ દરખાસ્ત પણ કરવામાં આવી હતી પરંતુ હજુ સુધી આ અંગે કોઈ નિર્ણય પણ લેવાયો નથી આ સ્થિતિ વચ્ચે માર્ગ પર આડેધડ ખડકાતા વાહનોને અનુલક્ષી યોગ્ય પાર્કીંગ થાય તે માટે પણ તંત્ર કક્ષાએથી કોઈ કાર્યવાહી હાથ ધરવામાં

● અનુસંધાન પાના ૭ પર

# રાજ્યમાં કોરોના વાયરસના નવા માત્ર ૭૧ કેસ

ગાંધીનગર, તા.૬

ગુજરાતમાં કોરોનાના નવા માત્ર ૭૧ કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૧૪૦ દર્દીઓ સાજા થયા છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૧,૪૧૩ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૯.૦૩ ટકાએ પહોંચી ચુક્યો છે. તો બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે રસીના કુલ ૩૬,૮૪૩ ડોઝ આપવામાં આવ્યા હતા. બીજી તરફ જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૯૧૪ એક્ટિવ કેસ છે. જે પૈકી ૬ નાગરિકો વેન્ટિલેટર પર છે જ્યારે ૯૦૮ નાગરિકો સ્ટેબલ છે. આ ઉપરાંત ૧૨૧૧૪૧૩ નાગરિકો ડિસ્ચાર્જ થઈ ચુક્યાં છે. તો બીજી તરફ ૧૦૯૩૫ નાગરિકોના મોત થઈ ચુક્યાં છે. તો રાજ્યમાં ૧ નાગરિકનું સુરતમાં મોત થયું છે.

# શહેરના સેકટરોમાં વિવિધ કક્ષાના ૧૫૦૦ જોખમી આવાસોમાં વસવાટ નથી

## સેકટરોમાં જુદી જુદી કક્ષાના ૪૫૦૦ જેટલા જોખમી મકાનો : તબક્કાવાર આવાસો ખાલી કરાવી તોડવામાં આવી રહ્યા છે

ગાંધીનગર તા ૬

ગાંધીનગરના સેકટરોમાં વિવિધ કક્ષાના આવાસો પૈકી મોટાભાગના રહેણાંકને લાયક રહ્યા નથી જયારે જોખમી મકાનોની સંખ્યા પણ વિશેષ છે શહેરમાં અંદાજિત ૪૫૦૦ જેટલા મકાનો જોખમી હોવાનુ ધ્યાને આવ્યુ છે. આ સ્થિતિ વચ્ચે હાલ એકબાજુ આવાસો ખાલી કરાવાની કામગીરી પણ મંદ ગતિએ ચાલી રહી છે. જો કે હાલની સ્થિતિએ શહેરમાં અંદાજિત ૧૫૦૦ જેટલા મકાનો ખાલી છે. જો કે આ મકાનો રહેણાંકને લાયક ન હોવાથી તેમાં કોઈ વસવાટ નથી જોખમી મકાનો તોડવાના મામલે પણ ઝડપથી કામ ન થતા જગ્યાના અભાવે નવા આવાસો માટે સાઈટ આખરી થતી નથી.

ગાંધીનગરના સેકટરોમાં સ્થિત વિવિધ કેટેગરીના સરકારી આવાસો પૈકી મોટાભાગના રહેણાંકને લાયક રહ્યા નથી. ચાર દાયકાથી વધુ સમયના અંતે આવાસો કંગાળ હાલતમાં જોવા મળી રહ્યા છે. જેના લીધે હાલ એકબાજુ માર્ગ મકાન વિભાગ કક્ષાએથી નવા આવાાસો બાંધવાની સાથે જુના અને જોખમી મકાનો તોડવા માટે પણ કામગીરી ચાલી રહી છે. જયારે આવાસોના મામલે સર્વેના અંતે જોખમી મકાનોની સંખ્યા પણ ધ્યાને આવી છે. જેમાં શહેરમાં અંદાજિત ૪૫૦૦ જેટલા મકાનો જોખમી હોવાનુ સ્પષ્ટ થયુ છે. આ આવાસો ખાલી કરાવી તંત્ર દ્વારા તોડવા માટે પણ તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. પરંતુ આવાસો તોડવા મામલે ખાલી કરાવી દેવાયા હોય તેવા કિસ્સામાં જ તંત્ર કક્ષાએથી મંજુરી આપવામાં આવી રહી છે. શહેરમાં એકબાજુ રહેણાંકને લાયક મકાનો નથી જેના લીધે તંત્રના ચોપડે આવાસોના મામલે પ્રતિક્ષા યાદી મોટી થતી જાય છે. આવા સંજોગોમાં સેકટરોમાં જોખમી મકાનોની સંખ્યા પણ વિશેષ છે. શહેરના સેકટરોમાં હાલની સ્થિતિએ અંદાજિત ૧૫૦૦ જેટલા મકાનો સાવ ખાલી છે. જેમાં કોઈ વસવાટ નથી. પરંતુ આ મકાનો રહેણાંકને લાયક ન હોવાના લીધે તંત્ર

● અનુસંધાન પાના ૭ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com